# ધર્મસુધારક રાજા યોશિયા

# (ફાધર વર્ગીસ પોલ)

રાજા યોશિયાનો ઉલ્લેખ કરતાં પયગંબર ઈર્મિયાએ કહ્યું છે કે, "તે પ્રામાણિકપણે અને ન્યાયથી વર્તતો હતો અને તે બધી વાતે સુખી હતો. તે ગરીબ-ગુરબાંનો ન્યાય કરતો હતો."

'બીજા રાજાઓ'નો ગ્રંથ જણાવે છે તેમ, રાજા અમોનના દરબારીઓએ તેની વિરુદ્ધ કાવતરું રચ્યું અને તેને તેના મહેલમાં જ મારી નાખ્યો. પણ દેશના લોકોએ બધા કાવતરાખોરોને મારી નાખ્યા અને તેના દીકરા ઓશિયાને ગાદીએ બેસાડયો.

યોશિયા ગાદીએ આવ્યો ત્યારે તેની ઉંમર ફક્ત આઠ વર્ષની હતી અને તેણે યરુશાલેમમાં એકત્રીસ વર્ષ રાજ્ય કર્યું. યોશિયા રાજા આમોન અને રાણી યદીદાનો દીકરો હતો. ઈ.સ. પુર્વે 640 થી 609 સુધી તેણે યહૂદામાં રાજ્ય કર્યું. તે ઈસાયલના યહૂદા અને શમરૂન એમ બે ભાગ પડયા પછી યહૂદાની ગાદીએ આવનાર સોળમો રાજા હતો.

યોશિયાની કારકિર્દી અંગે આપણને બાઈબલ બહાર એના સમયને લગતા કેટલાક ઐતિહાસિક ગ્રંથોમાંથી પણ માહિતી મળે છે. ઈ.સ. પૂર્વે 625 અને 612 વચ્ચેના સમયમાં કે એથીય પહેલાં અશુરોની રાજયસત્તા પડી ભાંગી હતી અને પરિણામે યહૂદા ઉપર અશુરોની કોઈ સત્તા રહી ન હતી. યહૂદા અને શમરૂનના પ્રાન્તોમાં યોશિયાની ધર્મસુધારણા જ બહારની સત્તાથી ઈસાયલ સ્વતંત્ર હોવાનો પુરાવો છે.

રાજા યોશિયાના આદેશથી યરુશાલેમના મંદિરનું સમારકામ થતું હતું. એવામાં યોશિયાના અલમના અઢારમાં વર્ષે મંદિરના જીર્ણોદ્ધાર વખતે પુરોહિત હિલકિયાને મંદિરમાંથી સંહિતાની પોથી મળી આવી. મંત્રી શાફાને રાજા પાસે જઈ મંદિરના સમારકામથી એને વાકેફ કરીને ઉમેર્યું, "પુરોહિત હિલકિયાએ મને એક પોથી આપી છે. અને તેણે રાજા આગળ તે મોટેથી વાંચી સંભળાવી."

બાઈબલના નિષ્ણાતો માને છે કે, તે પોથી બાઈબલના અનુસંહિતા ગ્રંથની કી પૌરાણિક આવૃત્તિ હોવી જોઈએ. એ સંહિતાની પોથીમાંનાં વચનો સાંભળીને રાજાને ખ્યાલ આવ્યો કે ધર્મના ચુસ્ત આચરણમાંથી લોકો ચલિત થયા છે. ઈસાયલના ઈશ્વર પ્રભુની આરાધના કરવાને બદલે લોકોએ બીજા દેવોને બલિ ચડાવીને અને અન્ય કુકર્મો કરીને ઈશ્વરે પ્રભુનો રોષ વહોરી લીધો છે.

આ સંદર્ભમાં રાજાઓ પોતાના વસ્ત્રભંડાર સાચવનાર રાલુમ બિન હરહાસની વહુ નબી હુલદાની સલાહ લીધી. પયગંબર હુલદાએ યહુદાના રાજા યોશિયાને કહ્યું કે, "સંહિતાની પોથીનાં વચનો સાંભળીને તારું હૃદય પીગળી ગયું છે અને પશ્ચાત્તાપથી તેં તારાં કપડાં ફાડી

નાખ્યાં છે. એટલે ઈશ્વર પ્રભુ યહૂદા પર જે આફતો ઉતારશે તે તારે નજરે જોવી નહિ પડે. તે પહેલાં તું તારા પૂર્વજો ભેગો થઈ જજે અને તું શાંતિથી કબરમાં પહોંચી જશે."

નબી હુલદાની પયગંબરીવાણી સાંભળીને રાજા યોશિયાએ યહૂદાના પયગંબરીવાણી સાંભળીને રાજા યોશિયાએ યહૂદાના અને યરુશાલેમના બધા આગેવાનો, લોકો, પુરોહિતો, નબીઓ, નાનાંમોટાં બદાં જ માણસોને યરુશાલેમના મંદિરમાં ભેગા કર્યાં અને તેમને સંહિતાની પોથીનાં વચનો વાંચી સંભળાવ્યાં.

પછી મંચ ઉપર ઊભા રહીને રાજાએ પ્રભુ સમક્ષ પ્રભુને અનુસરવાની અને તેની બધી આજ્ઞાઓ, આદેશો અને નિયમોનું પૂરા દિલોજાનથી પાલન કરવાની અને એ રીતે એ પોથીમાં લખેલા કરારની શરતોનો અમલ કરવાની પ્રતિજ્ઞા કરી. પછી બધા લોકોએ પણ એ કરારનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી.

ત્યારબાદ યોશિયાએ પોતાના રાજ્યના એક છેડેથી બીજે છેડે સુધી સર્વગાહી ધાર્મિક સુધારણા કરાવી. ધર્મસુધારણાનું કાર્ય યરુશાલેમ મંદિરથી શરૂ કરતાં રાજા યોશિયાએ વડા પુરોહિત હિલકિયાને તથા મદદનીશ પુરોહિતોને તેમજ દ્વારના રક્ષકોને બાલદેવની, અશેરાદેવીની તેમજ આકાશનાં નક્ષત્રોની પૂજામાં વપરાતી બધી સામગ્રી પ્રભુના મંદિરમાંથી હઠાવી લેવાનો હુકમ કર્યો અને તે બધીને તેણે યરુશાલેમ બહાર કિદ્રોનનાં ખેતરમાં બાળી મૂકાવી.

પછી રાજા યોશિયાએ "યહૂદાનાં શહેરોમાંનાં યરુશાલેમની આસપાસની ટેકરીઓ ઉપરનાં સ્થાનકોમાં બલિ ચડાવવાને નીમેલા વિધર્મી પુરોહિતોને બરતરફ કર્યા અને યરુશાલેમના મંદિરમાંની અશેરાદેવીનું પ્રતીક યરુશાલેમની બહાર કિદ્રોનના કોતરમાં લઈ જઈને બાળીને ભસ્મ કરી નાખ્યું અને તેની રાખ જાહેર કબ્રસ્તાનમાં ફેંકી દીધી. તેણે પ્રભુના મંદિરમાં આવેલું દેવદાસો અને દેવદાસીઓ માટું ઘર, જેમાં સ્ત્રીઓ અશેરા માટે વસ્ત્રો વણતી, તે તોડી પાડયું. યહૂદાનાં શહેરોમાંથી તેણે બધા પુરોહિતોને યરુશાલેમમાં ભેગા કર્યા અને દેશના એક છેડાથી બીજા છેડા સુધી સર્વત્ર તેઓ જે થાનકોમાં બલિ ચડાવવા જતા હતા તે થાનકો ભ્રષ્ટ કર્યા. શહેરના દરવાજાની ડાબી બાજુએ, શહેરના સૂબા યહોશુઆના પ્રવેશદ્વાર સામેની દેરીઓ તેણે તોડી પડાવી."

"એ જ રીતે ઈસાયલને પાપમાં પ્રેરનાર યરોબામ બિન નબાટે બેથેલમાં બાંધેલાં થાનકોનો અને વેદીઓ નાશ કર્યો. તેના પથ્થરોનો ભાંગીને ભૂકો કરી નાખ્યો અને અશેરાદેવીનાં પ્રતીકો બાળી મૂક્યાં."

"વળી યોશિયાએ, ઈસાયલનો રાજાઓએ શમરૂનનાં શહેરોમાં ટેકરીઓ ઉપરનાં જે થાનકો બંધાવીને પ્રભુનો રોષ વહોરી લીધો હતો તે બધાંની પણ બેથેલના થાનક જેવી જ દશા કરી."

તે વખતે હિનોમની ખીણમાં આવેલા યજ્ઞકુંડમાં મોલેખદેવના માનમાં આગમાં બાળકોની બલિ ચડાવવાની પ્રથા હતી. રાજાએ યજ્ઞકુંડનો નાશ કરાવીને છોકરાછોકરીઓને આગમાં હોમવાની પ્રથાને બંધ કરાવી. વળી રાજ્યમાં ઈત્તર દેવો અને દેવીઓ માટે જ્યાં ત્યાં બંધાવેલી બધી વેદીઓ અને પૂજાસ્તંભો તેમજ દેવદેવીઓનાં પ્રતીકો તોડી પાડયાં અને લોકોને ગેરરસ્તે દોરનાર અન્ય દેવોના બધા પુરોહિતો અને નબીઓની મારી નાખ્યાં.

આ રીતે રાજ્યના એક છેડેથી બીજા છેડા સુધી ધર્મસુધારણાનો અમલ કર્યા પછી રાજા યોશિયાએ આખી પ્રજાને આ પ્રમાણે આજ્ઞા ફરમાવીઃ “તમારા ઈશ્વર પ્રભુના માનમાં કરારની આ પોથીમાં ઠરાવ્યા મુજબ પાસ્ખાનો ઉત્સવ ઊજવવો.”

રાજા યોશિયાના આદેશ મુજબ બધા લોકોએ યરુશાલેમનાં ભેગા થઈને અગાઉના સમયમાં કદી ઊજવ્યો ન હતો એવી રીતે પાસ્ખાનો ભવ્ય ઉત્સવ પ્રભુના માનમાં ઊજવ્યો. બાઈબલ નોંધે છે કે, “ઈસાયલમાં કાજીઓનો અમલ ચાલતો હતો ત્યારે કે ઈસાયલના રાજાઓના કે યહૂદાના રાજાઓના અમલ દરમિયાન ક્યારેય આવો પાસ્ખા ઊજવ્યો ન હતો.”

અહીં એક વાત ખાસ નોંધનીય છે કે યોશિયાના ધર્મસુધારણામાં તેણે ઈસાયલના પૂર્વમાં આવેલા શમરૂન, બેથેલ જેવા પ્રાન્તોનો પણ સમાવેશ કર્યો છે. યોશિયાના સમયના એકાદ સદી પહેલાં ઈસાયલના એ પ્રાન્તોને અશુરોએ કબજે રાખ્યા હતા. એ અરસામાં બે શક્તિશાળી રાજ્યો બોબિલોનિયા અને ઈજિપ્ત (મિસર) પણ અશુરોની (આસીરિયાની) ઘટતી રાજયસત્તાનો લાભ લેવા ટાંપીને બેઠા હતા. છતાં યોશિયાને રાજા દાઉદના સમગ્ર રાજ્યને એક છત્ર કરવાનો પ્રયત્ન કરતાં જોઈ શકાય છે.

ઈ.સ. પૂર્વે 612માં બાબિલોનની સેનાએ અશુરના રાજાને હરાવીને એની રાજધાની નિનવે શહેરને કબ્જે કર્યું. આ વખતે અશુરને મદદ કરવા માટે મિસરનો રાજા ફારુન નખો ફ્રાંત નદી આગળ જવા નીકળ્યો હતો અને રાજા યોશિયાએ તેને રસ્તામાં રોક્યો હતો. પણ ફારુન નખોએ તેની પહેલાં જ હુમલો કર્યો. મગિદ્દો આગળ થયેલા એ યુદ્ધમાં યોશિયાનું સૈન્ય હારી ગયું હતું અને યોશિયા પોતે સખત રીતે ઘવાયો હતો અને રાજાના અંગરક્ષકો તેને મગિદ્દોથી રથમાં યરુશાલેમ લઈ ગયા. ત્યાં તેનું મૃત્યુ થતાં તેને પોતાની કબરમાં દફનાવ્યો.

ત્યાર પછી દેશના લોકોએ યોશિયાના દીકરા યેહોઆહાઝનો અભિષેક કર્યો અને તેના બાપ પછી તેને ગાદીએ બેસાડયો.

બાઈબલના અહેવાલ મુજબ મગિદ્દોના યુદ્ધમાં યોશિયા કુદરતી મૃત્યુ પામ્યા છે, છતાં કેટલાક ઈતિહાસકારો માને છે કે યોશિયાનું ખૂન કરવામાં આવ્યું છે. “બીજા રાજવૃતાંતો” ગ્રંથના 35માં અધ્યાયમાં મગિદ્દો મેદાનમાં થયેલી યુદ્ધની વાતો મળે છે.

રાજા યોશિયાને ભવ્ય અંજલિ આપતાં બાઈબલના લેખકે નોંધ્યું છે કે, “એની પહેલાં કે પછી એવો કોઈ રાજા થયો નથી જેણે મોશેની સંહિતાનું પાલન કરીને પૂરા દિલોજાનથી અને પૂરી તાકાતથી પ્રભુની ભક્તિ કરી હોય.”

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-09-2007)

(ફરી બદલવાની તારીખ: 01-10-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007